**DATE: 24/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચના 2 સફાઇકામદારોને પોલીસે દબોચ્યાં

# પ્રેમીને શોધવા આવેલી પ્રેમિકાને ભોળવી દુષ્કર્મ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં પોતાના પ્રેમીની શોધમાં આવેલી એક સગીરા બેશખ્સોના સંપર્કમાં આવી હતી. તેઓ તેના પ્રેમીને ઓળખતાં હોવાનું જણાવી તેને સાથે લઇ જઇ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. મામલામાં સી ડિવિઝન પોલીસે ગુનો નોંધી બન્ને આરોપીને ઝડપી પાડ્યાં છે.

જિલ્લાના એક તાલુકાની સગીરાને એક યુવાન સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જોકે, ગામ-પરિવારમાં જાણ થતાં તેનો પ્રેમી ગામ છોડી જતો રહ્યો હતો. દરમિયાનમાં તે રોજગારી માટે ભરૂચ આવ્યો હોવાની શંકાએ સગીરા તેના પ્રેમીને શોધવા માટે ભરૂચ શહેરમાં આવી પહોંચી હતી. સવારના સમયે તુલસીધામ શાકમાર્કેટ સહિતના વિસ્તારમાં એકત્ર થતાં શ્રમજીવીઓમાં પોતાના પ્રેમિને ત શોધી રહી હતી. તેમજ લોકોને તેના અંગે પુછી રહી હતી.

તે વેળાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનનું કામ કરતાં બે યુવાનોએ તેઓ તેના પ્રેમીને ઓળખતાં હોવાનું જણાવી ચાલ તને લઇ જઇએ તેમ કહીં તેને ઝાડેશ્વર-મક્તમપુર વિસ્તારમાં આવેલાં કાચા ઝૂપડામાં લઇ ગયાં હતાં. જ્યાં એકે તેનું મોઢું દબાવી બીજાએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. સગીરા બુમરાણ કરતી હોઇ તેઓ બહાર જઇ તેઓ વાત કરી રહ્યાં હતાં. તે વેળાં સગીરા તક મેળવી તેમના ચુંગાલમાંથી છુટી હતી. બનાવને પગલે સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં ટીમે મૂળ મધ્યપ્રદેશના જાંબુવાના અનિલ ભુરિયા અને વિજય વસુનિયા નામના બન્ને આરોપીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# આમોદ તાલુકાના કુરચણ ગામે રેડ પાડી જુગાર રમતાં ત્રણ આરોપી ઝડપાયા, 6 વોન્ટેડ જાહેર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકામાં આવેલાં કુરચણ ગામે નવીનગરી વિસ્તારમાં રહેતાં શખ્સે તેના ઘરના અડાડીમાં જુગારની મહેફિલ જમાવી હતી.પોલીસે દરોડો પાડતાં 3 ઝડપાયાં હતાં,6 નાસી છુટ્યાં હતાં.

આમોદ તાલુકાના કુરચણ ગામે નવીનગરી વિસ્તારમાં રહેતો ઈરફાન ઈબ્રાહિમ સિંધી તેના ઘરના પાછળના ભાગે અડાળામાં કેટલાંક લોકો સાથે જુગારની મહેફિલ જમાવી હતી. જેના પગલે આમોદ પોલીસે બાતમીના આધારે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાંદોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તે પૈકીના સુલેમાન ઈબ્રાહિમ સિંધી, ગુલામ તાજમહલ સિંધી તેમજ સુંદર ડાહ્યા વસાવાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે ઈરફાન ઈબ્રાહિમ સિંધી, મોઈન ઈનાયત દિવાન, સુલેહ સલીમ પટેલ, યોગેશ મનહર માછી, હાર્દિક બળવંતસિંહ રાજ તેમજ મહેન્દ્રસિંહ રણજીતસિંહ રાજ પોલીસને ચકમી આપી નાસી છુટ્યાં હતાં. પોલીસે તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં મળી કુલ 6 હજારથી વધુની રોકડ રકમ સહિત જુગારના સાધનો જપ્ત કર્યાં હતાં. તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને શોધવાના ચક્રો ગતિમાન કર્યાં છે.

**DATE: 24/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રેસીડ્યુ હેઝાર્ડ વેસ્ટ હોઇ કંપની સંચાલક સામે પણ પોલીસની કાર્યવાહી

# સહયોગ હોટલે ઝડપાયેલો વેસ્ટ R.R. કેમિકલ કંપનીનો નીકળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર સહયોગ હોટલના કમ્પાઉન્ડમાંથી ઝડપાયેલ શંકાસ્પદ કેમિકલ વેસ્ટ આર.આર. કેમિકલ અંકલેશ્વરનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર સહયોગ હોટલના પાર્કિંગમાં શંકાસ્પદ કેમિકલ જથ્થો ભરેલું ટેન્કર મળી આવ્યું હતું,અને પોલીસ તપાસમાં ટેન્કર માં ભરેલું કેમિકલ તીવ્ર વાસવાળું અને કથ્થઈ કલરનું હોવાનું જાણવા મળ્યું હતું, પોલીસે ગુન્હો નોંધી આ કેમિકલનો જથ્થો ક્યાંથી ભરીને ક્યાં પહોંચાડવાનો હતો અને તેની પાછળનો ઉદેશ શું હતો તે અંગેની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બી ડિવિઝન પોલીસે આ અંગે જીપીસીબીએ જાણ કરતા જીપીસીબી ની ટીમ આવી પહોંચી ટેન્કર માં ભરેલા શંકાસ્પદ કેમિકલના નમૂના લઈને તપાસ શરુ કરી હતી. પોલીસ ની પ્રાથમિક પૂછપરછમાં ફુલશંકર કટારા એ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે ટેન્કર માલિક જસપ્રીત સિંહ સોઢી એ ટેન્કર અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ આર.આર. કેમિકલ્સ ના ગેટ પર થી તેને આપ્યું હતું. જે આધારે પોલીસ અને જીપીસીબી ની ટીમ આર.આર. કેમિકલ્સ કંપની ખાતે પણ તપાસ આરંભી હતી. જ્યાં પ્લોટ નંબર 4206 /બી મેધા ચોકડી પર આવેલ આર.આર. કેમિકલ કંપની બેરલ માંથી કમ્પોઝીટ પ્રવાહી ના નમૂના લઇ તપાસ કરતા તે કંપનીના સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્રોસેસ દરમિયાન નીકળતા ડિસ્ટીલેશન રેસીડ્યુ હેઝાર્ડ વેસ્ટ હતું. જે જથ્થા ને નિયમ અનુસાર વેસ્ટ નો કોમન ઇન્સિલેટર પ્લાન્ટ માં અથવા કો પ્રોસેસીંગ માં નિકાલ કરવાનો હોવા છતાં કંપની દ્વારા અનધિકૃત નિકાલ કરવા આપ્યું હોવાનું પ્રાથમિક કારણ સામે આવી રહ્યું છે. જે આધારે પોલીસ દ્વારા તમામ સામે માનવ, પ્રાણી પક્ષી અને વનસ્પતિને નુકશાન કરવા બદલ ગુનો નોંધી પોલીસે ધરપકડ ના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 25/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## એસઓજીની ટીમ દ્વારા ડ્રાઇવ યોજાઇ

# પરવાનગી વિના મોબાઈલ સિમકાર્ડ વેચતા 4 સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી દ્વારા ચાર સ્થળેથી મોબાઈલ-સિમકાર્ડ વેચતાં 4 વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

રૂચ એસઓજીની ટીમ દ્વારા શહેર જિલ્લામાં પરવાનગી વિના મોબાઈલ-સિમકાર્ડનું વેચાણ કરતાં વેપારીઓ સામે કાર્યવાહી કરવાની ઝૂંબેશ શરૂ કરી છે. જેના પગલે એસઓજીની ટીમોએ ભરૂચ શહેર તેમજ જંબુસરમાં અલગ અલગ સ્થળે દરોડા પાડતાં ચાર દુકાનો તેમજ જાહેરમાં બેસી મોબાઈલ તથા સિમકાર્ડનું વેચાણ કરતાં દિપક રાજુ રાવળ, આવેશ ગુલામ મહંમદ મલેક, આશીફહુસેન તાહીરહુસેન અન્સારી તેમજ મોહમદ અયાઝ મોહમદ અઝીઝ શેખ નામના ચાર શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. ટીમોએ તેમની પાસે મોબાઈલ તેમજ વિવિધ કંપનીના સિમકાર્ડ વેચવા અંગેના પરવાનાની તપાસ કરતાં કોઈ પાસે તે નહી મળતાં ચારેય વિરૂદ્ધ જે તે વિસ્તારના પોલીસ મથકે જાહેરનામા અંગેના ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સુરતમાં ખેતરોમાં સંતાયો હતો, રિમાન્ડ મેળવવાની કવાયત

# ઉટીયાદરા લૂંટ વિથ મર્ડરનો આરોપી ચાર વર્ષે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ઉટીયાદરા પાસે આવેલી પી.જી.ગ્લાસ કંપનીમાં 18 સપ્ટેમ્બર 2019 ના બપોરના સમયે આશરે 25 થી 30 જેટલા ઈસમો હુમલો કરીને માર માર્યો હતો. લૂંટારુઓએ ગંભીર ઈજાઓ પહોંચાડી તેમના મોબાઈલ તથા માલ સામાનની લૂંટ કરી હતી. આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓ ના સ્થળ પર જ મોત નિપજ્યા હતાં.તેનો ગુનો અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં નોંધાયો હતો. આ ગુનામાં એલસીબી દ્વારા અગાઉ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

અન્ય ફરાર આરોપીને ઝડપી પાડવા તલાશ ચાલુ હોય એલસીબી પીઆઈ ઉત્સવ બારોટને માહિતી મળી હતી કે, અંકલેશ્વર ઉટિયાદરા ટ્રીપલ મર્ડર ના ગુનામાં નાસતો ફરતો મુખ્ય માસ્ટર માઈન્ડ આરોપી લાલજી ઉર્ફે લાલો ગણેશભાઈ કાવીથીયા સુરત ખાતે મોટા વરાછા વિસ્તારમાં ખેતરમાં રહે છે અને હાલ વાડીમાં હાજર છે. પોલીસને મળેલી માહિતી ના આધારે દેવસિંહ પટેલની વાડીમાંથી મુખ્ય આરોપી લાલજી ઉર્ફે લાલો ગણેશભાઈ કાવીથીયા ને ઝડપી પાડ્યો હતો.પોલીસે તેની સામે સી.આર.પી.સી એક્ટ મુજબ કાર્યવાહી કરીને વધુ તપાસ અર્થે અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ના હવાલે કરતાં પોલીસે ઝડપાયેલા લૂંટારુ ને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ શરુ કરી છે.

**DATE: 26/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર ગુજરાત હાઉસિંગ બોર્ડના ઘરમાં નશાબાજે ફુલ સ્પીડમાં કાર ઘુસાડી દીધી

**સદનસીબે ઘટનામાં કોઈને પણ જાનહાનિ ન થઈ, એ-ડિવિઝન પોલીસે નશાબાજ ચાલકને ઝડપી પાડ્યો**





પ્રવીણ તેરૈયા

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ફૂલ સ્પીડે કાર હંકારી નશાબાજે ઘરમાં ઘુસાડી દેતાં દોડધામ મચી ગઈ હતી.

અમદાવાદના ઇસ્કોન બ્રિજ ઉપર નબીરા તથ્ય પટેલે નવ જણાને અકસ્માતમાં મોત નીપજાવ્યાની ઘટના બાદ સોશિયલ મીડિયા પર વિરોધનો વંટોળ ઊભો થયો છે. જેને લઈને આખા રાજ્યમાં પોલીસ પણ નબીરાઓને પાઠ ચખાડવા તત્પર બની છે. હાલ ભરૂચના એક ગામમાં ફૂલ સ્પીડમાં કાર હંકારીને સીધા મકાનમાં ઘુસાડી તો દીધી પણ સદનસીબે કોઈને જાનહાનિ ન થતા હાશકારો લીધો છે. અંકલેશ્વરના કોસમડી ગામની સાંઈ દર્શન રેસિડેન્સીમાં રહેતો મહેન્દ્રસિંગ છોટેસિંગ રાજવત ગત રવિવારે બપોર બાદ કાર નં.(જીજે-૧૬-ડીજી-૯૯૨૯) લઇ અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડમાંથી ફૂલ સ્પીડમાં કાર હંકારી પસાર થઇ રહ્યો હતો. દરમિયાન બેકાબૂ કાર એક મકાનમાં ઘૂસી જતાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનામાં કોઈને પણ જાનહાનિ નહીં થતાં સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. જ્યારે સ્થાનિકો કારચાલકને જોતાં તે નશાની હાલતમાં હોવાનું જણાઈ આવ્યું હતું. આ ઉપરાંત કારમાં રહેલા ગ્લાસમાં કેફી પ્રદાર્થ જેવું પ્રવાહી પણ મળી આવ્યું હતું. રહીશોએ નશાબાજ કારચાલકને 'વ્યવસ્થિત કરી' અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસને હવાલે કર્યો હતો. ડ્રીન્ક એન્ડ ડ્રાઈવ કરતા નશાબાજની પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 26/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### દસ્તાવેજો નહીં હોય તો વાહન સીધુ પોલીસ સ્ટેશન જશે

# ભરૂચ જિ.માં આજથી વાહન ચાલકો પર પોલીસની તવાઈ

### અતી ઝડપથી જતા રિક્ષાચાલકો સામે પણ કાર્યવાહી કરાશે

। ભરૂચ ।

ભરૂચ જિલ્લામાં આજથી પોલીસ તંત્રની બાજ નજર વાહનચાલકો પર રહેશે. આજથી એક માસ દરમ્યાન પોલીસ તંત્ર અને અન્ય એજન્સીઓ દ્વારા બાજ નજર રાખવામાં આવશે.

પોલીસ તંત્ર દ્વારા અતિ ઝડપથી હંકારાતા વાહનોને ડીટેઈન કરવામાં આવશે. મળતી માહિતી મુજબ પોલીસ તંત્ર અને એજન્સીઓ વાહન સીધુ પોલીસ સ્ટેશન લઈ જઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે એમ સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યુ છે. ભરૂચ નગરમાં શકિતનાથ તેમજ ફ્લાયઓવર બ્રિજ અને નગરના અન્ય માર્ગો પર મોટર સાયકલ, બુલેટ અને મોટરકાર જેવા વાહનો અતિ ઝડપથી હંકારતા યુવાનો વખતોવખત જણાતા હોય છે. ભરૂચ નગરના સ્ટેશન રોડથી લઈને મહંમદપુરા સુધી રીક્ષાચાલકો પણ અતિ ઝડપથી રીક્ષા હાંકતા હોય છે સાથે જ તેઓ રોંગસાઈડથી પણ વાહન હંકારતા હોય છે. આવા તમામ વાહન ચાલકોએ હવે ચેતી જવાની જરૂર છે. અતિઝડપથી હંકારાતા વાહનચાલકોને ઝડપી વાહન ડીટેઈન કરી લેવુ તેમજ કાયદેસરની કાર્યવાહી કરવી. આ ઉપરાંત હેલ્મેટ, લાયસન્સ અને આરસી બુક નહી હોય તો પણ વાહન ડીટેઈન કરી સીધુ પોલીસ સ્ટેશન વાહનને જમા કરવામાં આવશે ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવશે.

## રાષ્ટ્રીય-રાજય ધોરીમાર્ગ પર જાપ્તો

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય અને રાજય ધોરીમાર્ગ પર પોલીસ તંત્રની બાજ નજર રહેશે તેમજ આ માર્ગો ઉપર અતિ ઝડપથી હંકારાતી લકઝરી બસો, ટ્રાવેલ્સની બસો અને કંપનીની બસો ઉપર પણ પોલીસ નજર રાખશે. આ ઉપરાંત ટ્રકો અને ટેન્કર ચાલકો એ પણ ખુબ સાવધાની પુર્વક તેમના વાહનો હાંકવા પડશે અન્યથા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**DATE: 26/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### માલવા પંજાબ હોટલ માલિકે ડ્રાઇવરને લાલચ આપી ચોરીનો કારસો રચ્યો હતો

# ભચાઉથી આવેલાં 3.37 લાખના સળિયા દહેજમાં સગે વગે કરતાં બે ઝબ્બે, 1 ફરાર

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

કચ્છથી દહેજની કંપનીમાં મોકલેલાં 18.76 લાખના લોખંડના સળિયા લઈને દહેજ આવેલાં ટ્રેલર ચાલકને દહેજની માલવા પંજાબ હોટલના માલિકે લાલચ આપી તે પૈકી 3.37 લાખના સળિયા સગેવગે કરવાનો કારસો રચી રહ્યાં હતાં. દરમિયાનમાં દહેજ પોલીસે રેડ પાડી બન્ને ડ્રાઈવરોને ઝડપી પાડ્યાં હતાં. જોકે, હોટલ માલિક નાસી છુટ્યો હતો.

કચ્છભુજના ભચાઉ ખાતે રહેતાં દિવ્યરાજસિંહ જાડેજા રાજ ટ્રાન્સ્પોર્ટનું કામ સંભાળે છે. તેમના એક ટ્રેલરમાં 20મી જૂલાઈએ કચ્છના સમાખ્યારી ખાતેની ઈલેક્ટરો થમ કંપનીમાંથી કુલ 18.76 લાખની મત્તાના સળિયા ભરીને દહેજની વિમીત કન્સ્ટ્રક્શન ખાતે ટ્રાન્સપોર્ટ કરવાનો ઓર્ડર મતાં તેમનો ડ્રાઈવર હેમંત પુરાનારામ ચૌધરી ( રહે. રાજસ્થાન) કંપનીમાંથી સળિયા ભરી ટ્રેલર લઈને દહેજ આવવા માટે નિકળ્યો હતો. રાત્રીના સમયે તે ભેંસલી ખાતે આવેલી રામદેવ હોટલ ખાતે પહોંચતાં ત્યાં જ રોકાઈ ગયો હતો. સવારે તે વેલ્સપન કંપની પાસેના વજનકાંટા પાસે આવતાં માલવા પંજાબ હોટલના માલિક જગજીવનસિંઘ ઉર્ફે રિન્કુસિંગ સિધ્ધુએ તેને સળિયાની એક ભારીના 900 રૂપિયા લેખે ચુકવવાન તેમજ કંપનીમાં તેનું સેટઅપ હોઈ કોઈ ચિંતા નહીં કરવા કહીં લલચાવ્યો હતો. જે બાદ તેઓ તેના ટ્રલરમાંથી અન્ય ટ્રેલરમાં 3.37 લાખની મત્તાના 7,030 મે. ટન સળિયા કાઢીને અન્ય ટ્રેલરમાં ભરવાની કવાયત કરી રહ્યાં હતાં. તે વેળાં પોલીસ દરોડો પાડી બન્ને ટ્રેલરના માલિકોને ઝડપી પાડ્યાં હતાં. જોકે, મુખ્યસુત્રોધાર માલવા પંજાબ હોટલના માલિક જગજીવનસિંઘ ત્યાંથી રફૂચકકર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે દહેજ પોલીસે ગુનો નોધ્યો છે.

**DATE: 27/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### હાઇવે ઓથોરિટીએ માર્ગના ખાડા પૂરતાં રસ્તો ખુલ્યો

# અંકલેશ્વરનો 3 દિવસથી ચક્કાજામ થયેલો હાઈવે પુનઃ ધમધમતો થયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે 3 દિવસ થી લાગેલા ટ્રાફિક જામ માંથી નીજાત વાહન ચાલકો ને મળી હતી. માર્ગ પુનઃ શરુ થતા વાહનો પુરપાટ દોડતા થયા હતા. આમલાખાડી બ્રિજ , અમરાવતી નદી મોતાલી બ્રિજ વાહનો પર બ્રેક લાગી હતી. સાંકડા બ્રિજ ને લઇ થોડા થોડા અંતરે હળવો ટ્રાફિક જામ સર્જાયો હતો.

અંકલેશ્વર માં માંડવા ટોલ પ્લાઝા નજીક મોતાલી અમરાવતી નદી બ્રિજ થી રવિવાર ની રાત્રી થી ટ્રાફિક જામ ની સમસ્યા સુરત નાના બોરસરા ગામ સુધી પહોંચી હતી. માર્ગ પર પડેલા ગાબડાને લઇ ટ્રાફિક અવરોધાયો હતો. જેને લઇ 72 કલાક લાંબો અને 35 કિમિ થી વધુ ટ્રાફિક જામ નો ભરડો અંકલેશ્વર માં જોવા મળ્યો હતો. હજારો વાહન ચાલકો ને આ અંતર કાપવા માટે એક થી દોઢ કલાક ને બદલે 12 કલાક થી વધુ સમય લાગ્યો હતો. છેલ્લા 3 દિવસથી સર્જાયેલ ટ્રાફિક સમસ્યા નો અંતે બુધવારના રોજ અંત આવ્યો હતો. ને નેશનલ હાઈવે ઓથોરિટી અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક ના પોઇન્ટ શોધી યુદ્ધ ના ધોરણે ગાબડાં પૂરતા અંતે સવાર થી વાહન

**DATE: 27/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### દહેજ બાયપાસ વિસ્તારમાં ચપ્પુની અણીએ લૂંટનો બનાવ બનતાં ચકચાર

# એક્ટિવા ચાલકે ચપ્પુ બતાવી આસામના કોન્ટ્રાક્ટર અને ચાર કામદારને લૂંટી લીધા

। ભરૂચ ।

ભરૂચના દહેજ બાયપાસ વિસ્તારમાં એક ખાનગી લકઝરીમાંથી કોન્ટ્રાકટર અને કામદારને ઉતારી એક્ટીવા ચાલકે ચપ્પુની અણીએ રૂા.૧૫૪૦૦ ની લુંટ કરી હોવાનો બનાવ બન્યો હતો જે અંગે બી.ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા એલસીબી પોલીસે ગણતરીના સમયમાં લુંટારૂને બનાવમાં વપરાયેલ એકટીવા સાથે ઝડપી પાડયો હતો.

ભરૂચ જિલ્લામાં રોજીરોટી અર્થે આવેલ આસામના સીમાંગ મેહુગ બુસુમુતરી હાલ જોલવા ખાતે રહે છે અને તેઓ કોન્ટ્રાકટર સુરજીત સેન સાથે મેન્ડાસ ફાર્મામાં કામ કરે છે. તેવામાં ગત તા.૨૪ જુલાઈએ કોન્ટ્રાકટર સહિત ચાર જેટલા કામદારો વડોદરા નજીક આવેલ પોર ખાતે ગયા હતા જયાંથી રૂા.૧૫



હજાર ઉપાડી કોન્ટ્રાકટરે સિમાંગને આપ્યા હતા. જેઓ લકઝરી બસમાં બેસવા જતા હતા. તેવામાં લકઝરી બસના ડ્રાઈવર સાથે એક એકટીવા ચાલક રકઝક કરી રહ્યો હતો. લકઝરી બસ કાવેરી એપાર્ટમેન્ટ પાસે પહોંચતા એકટીવા ચાલકે બસને રોકી તમામને નીચે ઉતારી જવા કહેતાં કોન્ટ્રાકટર સુરજીત સહિત ૪ જણા નીચે ઉતરતા એકટીવા ચાલકે કોન્ટ્રાકટર પાસેથી ૪૦૦ રૂપિયા માંગ્યા હતા. જે અંગે પણ ઝઘડો થયો હતો. તેવા સમયે એકટીવા ચાલકે ચપ્પુ બતાવી રૂા.૧૫૦૦૦ કાઢી લઈ ફરાર થઈ જતા બી.ડીવીઝન પોલીસ મથકે લુંટ અંગે ફરિયાદ નોંધાઈ હતી.

તેથી એલસીબી પીએસઆઈ પી.એમ. વાળાએ લૂંટ કરનાર શૈલેષ અરવિંદ વસાવાની અટક કરી એકટીવા જપ્ત કરી છે. આરોપીએ કબુલાત કરી હતી કેટલાક દિવસો અગાઉ વડદલા પાસેથી એક ટ્રક ડ્રાઈવર કેબીનમાં સુતો હતો ત્યારે તેનો મોબાઈલ લઈ લીધો હતો. કુલ રૂા.૧૫૪૦૦ રોકડા, એકટીવા મોપેડ તેમજ બે મોબાઈલ મળીને રૂા.૩૫૦૦૦ કરતા વધુ મતા પોલીસે જપ્ત કરી વધુ તપાસ માટે આરોપીને બી.ડીવીઝન પોલીસ મથકને સોંપ્યો છે.

**DATE: 28/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

## વહેલી સવારથી જ માતાજીના ભકતોએ વાજતે ગાજતે વિસર્જન યાત્રા કાઢી

# ભરૂચ પંથકમાં ૧૦ દિવસ ભક્તિ કરી મા દશામાને ભકતોએ ભાવથી વિદાય આપી

**વિદાય અપાઈ** ભરૂચ નજીકથી વહેતી નર્મદા નદીના પવિત્ર નીરમાં તેમજ કૃત્રિમ કૂંડોમાં વિસર્જન કર્યુ

| ભરૂચ |

આન, બાન અને શાન સાથે ૧૦ દિવસનુ આતિથ્ય માણ્યા બાદ લોકોની દશા સુધારનાર માં દશામા માતાએ ભકતો વચ્ચેથી વિદાય લીધી હતી. વિદાય પુર્વે ભકતોએ મા દશામાની આરતી કરી હતી આ સમયે ખુબ લાગણીભર્યા દ્રશ્યો સર્જાયા હતા.

આખી રાત ભજન કિર્તન કર્યા બાદ મળસ્કાના અરસામાં માતાજીના ભકતો વાજતે ગાજતે મા દશામા માતાના વિસર્જનની તૈયારી કરી માર્ગો પર નીકળ્યા હતા જો કે કેટલાક ભકતો મોડી રાત્રિના સમયે પણ વિસર્જન અંગે નીકળ્યા હતા. ભરૂચ નગરપાલિકા દ્વારા વિસર્જન અંગે બે કૃત્રિમ કુંડો તૈયાર કરવામાં આવ્યા હતા તે સાથે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા વિસર્જન યાત્રા ટાંણે કોઈ અજુકતી ઘટના ન સર્જાય તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ૧૦ દિવસનું ભકતોનું આતિથ્ય માણ્યા બાદ માં દશામાએ ભકતો વચ્ચેથી વિદાય લીધી હતી. ભકતોએ મા દશામાંનું વિસંર્જન ભરૂચ નજીકથી વહેતી નર્મદા નદીના પવિત્ર નીરમાં તેમજ કૃત્રિમ કુંડોમાં કર્યુ હતુ. વિસર્જન ટાંણે ભકતોની આંખોમાં આંસુ છલકાઈ ગયા હતા. તો બીજીબાજુ પોલીસ તંત્ર દ્વારા ભકતોની ભીડ ભેગી ન થાય અને કોઈ ભકત સ્નાન કરવા ન જાય તેમજ ભકતો પોતે માતાનુ મુર્તિનું વિસર્જન ન કરે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

ફાયર ફાઈટરો અને સ્થાનિક તરવૈયાઓની ટીમો દ્વારા મા દશામાંની પવિત્ર પ્રતિમાઓનું નર્મદા નદીના નીરમા અને કૃત્રિમ કુંડમાં વિસર્જન કરવામાં આવ્યુ હતુ. સીબીસીએન સંસ્થા દ્વારા મા દશામાંની મુર્તિ વિસર્જન કરવા આવતા ભકતો પાસેથી પૂજાપો તેમજ ફુલહાર અને પ્લાસ્ટીકની થેલીઓ સાથે લાવેલ વિવિધ સામગ્રી નાળીયેર વગેરે ભકતો નદીમાં વિસર્જીત ન કરે તે માટેની તકેદારી રાખી ક્લીન ભરૂચ ક્લીન નર્મદાના સ્વયંસેવકોએ પોતે આ તમામ સામગ્રી ઉઘરાવી લીધી હતી. આ એક ઉમદા સેવા કરી નર્મદા નદીને નીરને પ્રદુષિત થતા અટકાવ્યુ હતુ.

### જાગરણની રાત્રે જાણે દિવસ ઉગ્યો : ભકતોએ માતાજીના ગરબા પણ કર્યા



ભરૂચના નર્મદાના કિનારે વિસર્જન માટે વ્યવસ્થા કરાઈ હતી

જાગરણની રાત્રે જાણે દિવસ ઉગ્યો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ભરૂચમાં ભકતોએ ગરબા પણ કર્યા હતા. એટલુ જ નહી પરંતુ સમગ્ર યાત્રા દરમ્યાન માતાજીની ભકતિની ધુન તેમજ ભજન કિર્તન પણ સંભળાય રહ્યા હતા.

### ભકતે હાથ પર દીવડા મૂકી આરતી ઊતારી

કુંભારીયા ઢોળાવ વિસ્તારમાં રહેતા બાબુભાઈ મિસ્ત્રી છેલ્લા ૩૧ વર્ષથી હાથ પર ૧૧ દિવડા પ્રગટાવી માતાજીની આરતી કરે છે. સમગ્ર આરતી દરમ્યાન બાબુભાઈ મિસ્ત્રીને વેદના ન થતી હોય તેમ હસતા મોઢે આરતી ઉતારી હતી તેમની આવી ભક્તિસભર આરતીને જોવા ખુબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

### તંત્ર દ્વારા લાઈટોની વ્યવસ્થા કરાઈ

ભરૂચ નગરમાં વિસર્જન ટાંણે દશામા માતાના ભકતોને કોઈ તકલીફ ન પડે તે માટે ખાસ લાઈટોની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમ છતાં કેટલાક વિસ્તારોમાં અંધારૂ હોવાની ફરિયાદ ભકતો દ્વારા કરવામાં આવી હતી. આવી પરિસ્થીતિમાં ભરૂચ પંથકમાં શ્રીજી મહોત્સ્વ, નવરાત્રી મહોત્સવ અને સાથે જ હવે દશામા માતાનો મહોત્સવ પણ એટલો જ મહત્વનો બન્યો છે.

### ગામે ગામ દશામા માતાનો મહિમા ગવાયો

મંદી અને મોંઘવારી, આર્થિક ભીંસ, ગૃહ કંકાસ વગેરેની અવદશામાંથી બહાર નીકળવા તેમજ દશા સુધારવા માટે ભકતો જયારે મા દશામાંનુ વ્રત કરી રહ્યા છે. ભરૂચ નગર જ નહી પરંતુ જિલ્લાના અને તાલુકાના નાના નાના ગામોમાં પણ મોટી સંખ્યામા દશામા માતાની સ્થાપના કરવામાં આવે છે. આ તમામ ગામોમાં વિસર્જન યાત્રા ખુબ ધામ ધૂમથી યોજાઈ હતી.

**DATE: 28/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–03**

# આમોદમાં મોહરમના પર્વને ધ્યાને લઈ પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું

જંબુસર : આગામી દિવસોમાં આવતા મોહરમ પર્વને ધ્યાનમાં લઈ આમોદમા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. આમોદ પોસઈની આગેવાનીમાં મુખ્ય માર્ગો ઉપર ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. શહેરમાં તાજીયા જુલુસ તેમજ પાલિકાની પેટાચૂંટણી પણ યોજાવાની હોય જેને ધ્યાને લઈ વિવિધ વિસ્તારોમાં ફૂટપેટ્રોલિંગ કર્યું હતું.

**DATE: 28/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–12**

# ભરૂચમાં ચોરીની બાઇક સાથે ચોર ઝડપાયો

ભરૂચઃ ભરૂચ શહેર બી-ડિવિઝન પોલીસનો સ્ટાફ રાત્રે મનુબર ચોકડી ખાતે પેટ્રોલિંગમાં હતો. ત્યારે એક શખ્સ ચોરાયેલી બાઇક સાથે નીકળવાનો હોવાની બાતમી મળી હતી. આથી બાઇક પર આવેલા સંજય ભીખા અતુલ રાઠોડ (ઉ.વ.34) (રહે., મજૂર કોલોની, ભરૂચ)ને અટકાવી પૂછપરછ કરતાં બાઇક નં.(GJ-16-BA-1929) લીંબુ છાપરીથી ચોરી કર્યાની કબૂલાત આપી હતી. આ મામલ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### નગરના આગેવાનો અને હિન્દુ, મુસ્લિમ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા

# ભરૂચ જિલ્લાના જંબુસર નગરમાં પોલીસ વિભાગ દ્વારા લોક દરબાર

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસરના છેવડાના વ્યક્તિ અને જાહેર જનતાને ધ્યાને લઈ લોકો પોલીસના સીધા સંપર્કમાં આવે અને લોકોના પ્રશ્નો રજુ કરે, પોલીસ પ્રજાનો મિત્ર બની સમાજમાં પોલીસના ડરનો જે એક ખોફ દૂર થાય એ

હેતુથી લોક દરબાર યોજવામાં આવ્યો હતો. લોકદરબાર જંબુસર નગરના આગેવાનો અગ્રણીઓ અને હિન્દુ, મુસ્લિમ તમામ સમાજના લોકો ઉપસ્થિતિ રહ્યા.એસ. પી. અધિકારીએ પ્રજાના પ્રશ્નો સાંભળી સારો પ્રતિસાદ આપ્યો અને એક વર્ષ પહેલા યોજાયેલ લોક દરબારને યાદ પોલીસ અફસરોમાં જંબુસર એટલે અતિ સંવેદનસીલ વિસ્તારનો જે હાઉ હતો તે દૂર થયોછે.તમામ ધર્મના અને દરેક સમાજના લોકો સુલેહ, શાંતિ અને ભાઈચારાથી રહેવાની જિલ્લા પોલીસવડાએ હાકલ કરી.જંબુસર પોલીસ સ્ટેશન સર્કિટહાઉસમાં લોકદરબાર તેમજ વાર્ષિક ઈન્સપેક્શન પૂર્ણ કરી હતી.

જંબુસર તાલુકાના વાવલી અને અણખી ગમે અનુસૂચિત જાતિ સમાજના લોકોની મુલાકાત લઈ પ્રશ્નો સાંભળ્યાના સમાચાર પ્રાપ્ત થયાછે.જંબુસર નગરના ભાજપના અગ્રણી ભાવેશભાઈ રમીએ મીઠાની ઓવરલોડ ગાડી પ્રાણ પ્રશ્ન રજુઆત કરી જે સંદર્ભે જિલ્લા એસ. પી. એ મીઠાની તેમજ તમામ ઓવરલોડ ગાડીઓ ડિટેઈન કરવા સૂચના આપી હતી.

**DATE: 28/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## તાજિયાના રૂટમાં આવતા કામો નિવારવા રજૂઆત

# અંકલેશ્વરની પ્રાંત કચેરી ખાતે મોહરમ પર્વે કમિટી સાથે બેઠક

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી નીતિશા માથુર, ડીવાયએસપી ચિરાગ દેસાઈ ની અધ્યક્ષતા માં મોહરમ પર્વ અનુલક્ષી ને બેઠક યોજવામાં આવી હતી. જેમાં અંકલેશ્વર શહેર તાલુકાના તાજીયા કમિટી ના આગેવાનો તથા તાજીયા આયોજકો દ્વારા વિવિધ મુદ્દે રજુઆત તેમજ સૂચનો કર્યા હતા. શહેર ના તાજીયા ના રૂટ પર લટકતા વાયરો તથા રાત્રિના સમયે લાઈટિંગની વ્યવસ્થા માટે જીઈબી ના તંત્ર ને જણાવવામાં આવ્યું છે. તથા રસ્તા પર ખાડા રસ્તાઓ ની મરામત માટે પાલિકા ને સૂચના અપાઈ છે. તથા નર્મદા નદી કિનારે તાજીયા ના વિસર્જન માટે બોટ તેમજ લાઈટિંગની વ્યવસ્થા કરવા જણાવાયું છે. જે પ્રસંગે અંકલેશ્વર શહેર તાલુકાના તાજીયા કમિટીના પ્રમુખ બખ્તિયાર પટેલ, સેક્રેટરી વસીમ ફડવાલા, નજમુદ્દીન શેખ, અમન પઠાણ, અઝીમુલ્લા મલેક, ઈમ્તિયાઝ ઘોણીયાવાળા વિગેરે કમિટી સભ્યો તથા તમામ તાજીયા આયોજકો હાજર રહ્યા હતા.

# અંકલેશ્વર પાસેની હોટલ સંચાલક વિરૂધ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો નોંધાયો

અંકલેશ્વર તા.૨૮

ભરૂચ એસ.ઓ.જી. પોલીસે અંકલેશ્વરના અંદાડા પાટિયા સામેની નર્મદા ગેટ હોટલના મેનેજર વિરુદ્ધ જાહેરનામાનો ભંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ભરૂચ એસ.ઓ.જીનો સ્ટાફ તકેદારીના ભાગરૂપે ગુનાઈત કૃત્ય અટકાવવા માટે હોટલ અને ગેસ્ટ હાઉસમાં ચેકિંગ હાથ ધર્યું હતુ તે દરમિયાન અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના હદમાં આવેલી અંદાડા પાટિયા સામેની નર્મદા ગેટ હોટલમાં તપાસ કરતા ગેસ્ટ હાઉસ દ્વારા પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરી છે કે નહી તે તપાસ કરતા નર્મદા ગેટ હોટલના મેનેજરે પથિક સોફ્ટવેરમાં ગ્રાહકોની એન્ટ્રી નહિ કરી હોવાનુ ધ્યાન પર આવતા પોલીસે અંકલેશ્વર ના હવા મહેલ ખાતે રહેતો હોટલનો મેનેજર ચિરાગઉદ્દીન ઈમરાન મણસીયા વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

Require
Diploma / Degree
MECHANICAL

**DATE: 29/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# નેત્રંગ ખાતે સ્વાગત કાર્યક્રમમાં ૧૧ અરજીનો હકારાત્મક નિકાલ કરાયો

નેત્રંગ : પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ અરજદાર વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિવિષયક અને સર્વિસ મેટર સિવાયના કામોનો નિકાલ સંબંધિત કચેરીમાં થતો ન હોય તો તેવા કામોનો નિકાલ આ કાર્યક્રમમાં કરવામાં આવે છે. જે મુજબ ભરૂચ જિલ્લાના દરેક તાલુકાકક્ષાએ આ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નેત્રંગ મામલતદાર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી પી.આર.જોશીની અધ્યક્ષતામાં યોજાયેલ ક્કતાલુકા સ્વાગત કાર્યક્રમકમાં જિલ્લા વિકાસ અધિકારીએ લોકોના પ્રશ્નોને રૂબરૂ સાંભળી નિરાકરણ કર્યું હતું. તાલુકા સ્વાગત કાર્યક્રમ હેઠળ ૫ તથા ગ્રામ સ્વાગત કાર્યક્રમ હેઠળ ૬ જેટલી અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમાં નેત્રંગ મામલતદાર અનિલભાઈ વસાવા, તાલુકા વિકાસ અધિકારી, પોલિસ સબ ઈન્સ્પેકટર કે.એન.વાઘેલા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એ.એન.સિંગ તેમજ અરજદારો હાજર રહ્યા હતા.

**DATE: 29/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE–04**

### પહેલાં રાજસ્થાન પછી ત્યાંથી યુપી લઇ ગયો

# અંકલેશ્વરની સગીરાને ભગાડી જનાર કાકા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં તાલુકાના એક ગામમાં 15 વર્ષીય ભત્રીજી કળયુગી કુટુંબી કાકા ને ગમી ગઈ હતી.જેથી આ પરણિત કાકા એ સગીરાને પોતાની વાતોમાં પટાવી ફોસલાવી સાત મહિના પહેલા તેના વાલીપણા માંથી અપહરણ કરી ભગાડી ગયો હતો.

તેમણે ત્યાં આધારકાર્ડ બનાવી સગીરાની જન્મ તારીખ બદલીને કોઈ સ્થળ પર લગ્ન કરી લીધા હતાં. દરમિયાનમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ સ્કોર્ડના પીઆઈ એન.એસ.વસાવા અને તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવાની કામગીરી હાથ ધરી હતી.આ સમયે તેમને માહિતી મળી હતી કે,અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં સગીરાના અપહરણના ગુનામાં સાત મહિનાથી ભાગતા આરોપી થામ ગામ હાજર છે. જેથી સદ્દામ હુસૈન ઉર્ફે કાલુ જીણાસા જાતે મુસ્લિમ દિવાન ઉ વ,26 ને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો.

### નશામાં પતિનો ત્રાસ, સુધરશે તો જ પાછી સાસરીમાં જવા તૈયાર

# માતાને પિયર મોકલી પુત્રી ન આપતાં 181 અભયમની ટીમે મેળાપ કરાવ્યો

ભાસ્કર ન્યૂઝ|ભરૂચ

વાલિયા તાલુકા ના એક ગામ ની મહિલા ને લગ્ન નાં 6 વર્ષ એક છોકરો 4 વષે નો અને બાળકી દોઢ વર્ષ ની છે પતિ પત્નિ વચ્ચે નાની મોટી બાબતે ઝગડો થતો તેમજ પતિ નશો કરી આવી વ્હેમ કરી મારઝૂડ કરે પતિ ખેંચ આવતી હોવાથી કોઈ કામ ધંધો કરતો હતો નહીં. સાસુ અને નણંદ પીડિત મહિલાનું અને છોકરાઓ નું ધ્યાન રાખે છે બિમાર પત્ની ગળા નાં ભાગે બોલતું નાં હોવાથી પીડિતાની સાસુ ના કહેવાથી પતિ પિયર મૂકી ગયા અને ત્યાર થી દોઢ મહિના થી પિયર માં જ રહેછે તેમજ પીડિત સ્ત્રી એ જણાવ્યુ કે આજે મારા પતિને ખબર પડી કે હું ગામ માં બીજાં નાં ઘરે કચરા પોતું કામકાજ કરવાં જાઉં છું તેથી પતિ મને નશો કરી પિયર માં વ્હેમ કરી મારઝૂડ કરી મને કહ્યું કે એ મકાન વાળા ને રાખી લેજે અને સાસુ એ જબર દસ્તી દોઢ વરસ ની બાળકી ને લયલીધી અને પતિ નશો કરીને વહેમ,મારઝુડ અને માનસિક ત્રાસ આપે માટે હું હાલ સાસરી માં જવા માંગતી નથી તેમજ પતિ સુધરશે તોજ વિચારીશ તેમ કહ્યું અને કોર્ટ માં સરકારી વકીલને મળે 15 દીવસ થી અરજી આપી છે જેથી 181 અભ્યમ ટીમ અસરકારતાથી સાસુ પતિ પત્ની નું 181 અભ્યમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી કાઉન્સિલગ કરી સરપંચ ની હાજરી માં રાજી ખુશી થી સંમતિ થી દોઢ વર્ષ ની બાળકી ને માતાને સોંપાઇ હતી અને પતિ ને કોર્ટ માં બોલાવશે તે મુજબ કાર્યવાહિ થશે તેમ કાયદાકિય માહીતી આપી

**DATE: 29/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE–04**

### ભરૂચ એસઓજીની ટીમને સફળતા, કંપનીનો 2 હજાર ડોલરનો પ્રેગેવેલીન પાઉડર ચોરી કર્યો હતો

# પાનોલીની કંપનીનો પાઉડર ચોરનાર ડ્રાઈવર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસ.ઓ.જી પી આઈ એ.એ.ચૌધરી અને પીએસઆઇ આર.એલ.ખટાણા પોલીસ સ્ટાફ સાથે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે માહિતીના આધારે વાલીયા ચોકડી આશીર્વાદ હોટલ પાસે એક બોલેરો પીક અપ અપ ગાડી ની તલાસી લેતા તેમાં બે નંગ ડ્રમમાં પ્રેગેવેલીન કેમીકલ પાવડર 50 કિ.ગ્રા. કિ.રૂ.1.60 લાખનો મળી આવ્યો હતો.

આ અંગે પોલીસે ત્યાં હાજર કર્મી રામ વીરા રામ હોતીજી અને રામ મિલન દુનમૂન ઓરી રાજપુતને તેના ખરીદ બીલ અને આધાર પુરાવા માંગતા તેઓ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી એસ.ઓ.જી પોલીસ ટીમ તેમના વિરૂદ્ધ સીઆરપીસી કલમ 102 મુજબ પ્રેગેવેલીન કેમીકલ પાવડર 50 કિ.ગ્રા. કિ.રૂ.1.60 લાખ, એક બુલેરો પિકપ ગાડી કિંમત રૂ.07 લાખ અને બે નંગ મોબાઈલ.કિ,રૂ.10 હજાર મળીને કુલ.રૂ.8.70 લાખનો મુદ્દામાલ સીઆરપીસી કલમ 102 મુજબ કબજે કરીને બંને ઇસમો વિરૂદ્ધ સીઆરપીસી કલમ 41(1)ડી મુજબ અટક કરીને તેમની પૂછતાછ કરી હતી.

પોલીસ દ્વારા કર્મી રામ વીરા રામ દેવાસી પૂછપરછ માં તેઓ પાનોલી જીઆઈડીસીમાં આવેલા પ્રકાશ કેમિકલ્સ માંથી માલ ભરી ગત 20 જુલાઈ ના મુંબઇ ખાલી કરવા નીકળ્યા હતા.જેમાં રસ્તામાં અન્ય ઈસમ કર્મિરામે બે ડ્રમમાંથી ઓરિજિનલ માલ કાઢી અને તેમાં સફેદ મીઠું ભરી મુંબઈ પનવેલ ખાતે સીટ્રિક લોજીસ્ટીક સોલ્યુશન યાર્ડમાંખાલી કરી દીધું હતું.

આ અંગે એસ.ઓ.જી પોલીસ દ્વારા વિવિધ કંપની માંથી કિમતી કેમિકલ વિશ્વના વિવિધ દેશોમાં



ટ્રેડિંગ કરતી પ્રકાશ કેમિકલ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ માં આસિસ્ટન્ટ મેનેજર રાજેશ ક્વાડ ને જાણ કરતા તેમના દ્વારા પાનોલી પોલીસ મથકે 50 કિલો ગ્રામ પ્રેગેવેલીન કેમીકલ પાવડર કિમત રૂપિયા 2050 ડોલર ( ભારતીય રૂપિયા પ્રમાણે 1.68.633 રૂપિયા ) ને વિશ્વાસઘાત કરી સંગે વાગે કરવા બદલ પાનોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 30/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ત્રણેય વિરુદ્ધ ધાર્મિક લાગણી દુભાવવાનો ગુનો નોંધાયો

# ટંકારિયા ગામે ગૌવંશની હત્યા કરનારા બે ભાઈ સહિત 3 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં ટંકારિયા ગામે ઘોડી રોડ વિસ્તારમાં રહેતો અસ્લમ યુસુફ ઉમટા તેના ઘર પાસેના ભેંસો બાંધવાના પતરાના શેડમાં ગૌવંશની હત્યા કરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી પાલેજ પોલીસે મળતાં ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જ્યાં ત્રણ શખ્સો પશુનું કટિંગ કરતાં ઝડપાયાં હતાં. તેમના નામ પુછતાં તેમના નામ અસ્લમ યુસુફ ઉમટા, હમજા યુસુફ ઉમટા તેમજ લાલજી પ્રફુલ વસાવા (ત્રણેય રહે. ઘોડી રોડ, નવીનગરી, ટંકારિયા) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તપાસ કરતાં ત્યાં પશુની હત્યા કરી તેના શરીરના ટુકડા અલગ અલગ કરીને મુકેલાં જણાયાં હતાં. જેના પગલે તેમણે તુરંત વેટરનરી ડોક્ટરને બોલાવી ગોમાંસનું પરીક્ષણ કરાવતાં તેમણે પ્રાથમિક દ્રષ્ટીએ જ તે માંસ ગૌવંશનું હોવાનું જણાવતાં ટીમે તેના વિવિધ સેમ્પલ લઈ એફએસએલ માટે સૂરત ખાતે મોકલ્યાં હતાં. ટીમે સ્થળ પરથી કુલ 250 કિલો ગૌમાંસ, નાના-મોટા 6 છરા, 1 કુહાડી, છરાની ધાર કરવાની પતરી, સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગૌમાંસ વધુ સમય માટે મુકી રાખવું સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ તેનો યોગ્ય નિકાલ કરી ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અનિછનીય બનાવ ન બને માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત

# જંબુસરમાં મુસ્લિમ બિરાદરોએ મહોરમના પર્વને મનાવ્યો હતો

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

કરબલાના ધગધગતા મેદાનમાં સચ્ચાઈ માટે હજરત ઈમામ હુસેન (ર.દિ.)એ પોતાના ૭૨ જાંનિસાર સાથીઓ સાથે શહાદત વહોરી હતી તેની યાદમાં મનાવવામાં આવતા મહોરમના પર્વની જંબુસર શહેરમાં ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં મનાવવામાં આવ્યો હતો

જંબુસર શહેરમાં ગંજ શહિદ દાદા, જલાલપુરા, તલાવપુરા, કસબા , માઈનોલીમડો, મગણાદિભાગોળ, ભાગલીવાડ, પઠાણી ભાગોળ ,અજમેરી નગરી સહિતના તાજીયાઓ ઈમામ વાડ ખાતે આવ્યાં હતાં આ પ્રસંગે ઈમામવાડા ખાતે તાજીયા કમિટી દ્વારા શરબત, ઠંડા પીણાની સબીલો રાખવામાં આવી હતી. જંબુસર માઈના લીમડા ખાતે જંબુસર ટાઉનના તાજીયાઓ ભેગા થયા હતાજ્યાં તાજીયા કમિટી દ્વારા અધિકારીએ, અગ્રણીઓનું સન્માન કરાયું હતું.ત્યારબાદ તમામ તાજીયા શહેરના માર્ગોપરથી પસાર થઈ ભાગલીવાડ ચોરા પાસે પહોંચ્યા હતા. અને તાજીયા ઠડાં કરવામાં આવ્યા હતા.ાંજંબુસર પોલીસ દ્વારા કોઈ અનિછનીય બનાવ ન બને તે માટે બંદોબસ્ત ગોઠવ્યો હતો.

**DATE: 30/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## જિલ્લાભરમાં યા હુસેનના નાદ સાથે તાજિયા ઠંડા કરાયા

# મોહરમ પર્વે શહીદે કરબલાની યાદમાં કલાત્મક તાજિયાના જુલૂસ નીકળ્યાં



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ અંકલેશ્વર સહીત સમગ્ર જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોહરમ પર્વ નિમિત્તે શહિદે કરબલાની યાદમાં કલાત્મક તાજીયા ના જુલુસ નીકળ્યા હતા. અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોમાંથી 19 થી વધુ તાજીયા ના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જુલુસ નીકળ્યા હતા.

આજથી 1400 વર્ષ પહેલાં કરબલાના તપતા રણમાં સત્યના કાજે અસત્ય સામે દસ દસ દિવસ સુધી ભુખ્યા અને તરસ્યા રહી જંગ લડી અસત્ય સામે શીશ ન ઝુકાવી પોતાના અમૂલ્ય પ્રાણો ની આહુતિ અર્પણ કરનાર ઇસ્લામ ધર્મના મહાન સ્થાપક હજરત મહંમદ પયગંબર સાહેબના દોહિત્રો હજરત ઇમામ હસન ર.અ હજરત ઇમામ હુસેન ર.અ તથા તેમના જાંબાઝ સાથીઓની યાદ માં સદીઓ વીત્યા છતાં આજે પણ સમગ્ર વિશ્વના મુસ્લિમ સંપ્રદાયના લોકો દ્વારા પરંપરાગત રીતે મહોરમ પર્વની ઉજવણી થઇ રહી છે.

અંકલેશ્વર શહેર તથા તાલુકામાં પણ હજરત ઇમામ હુસેનની યાદમાં કલાત્મક તાજીયા બનાવવામાં આવે છે, ત્યારે યા હુસેન…ના નારા વચ્ચે અંકલેશ્વર શહેરના મુખ્ય મુસ્લિમ વિસ્તાર એવા કસ્બાતી વાડ, કાગદીવાડ, સેલારવાડ, કસાઈવાડ, તાડફળિયા હજામ શેરી, સર્વોદય નગર, દાતાર નગર, ભાટવાડ સહિત વિવિધ વિસ્તારોમાં 19 થી વધુ તાજીયાઓનું જુલુસ મોહરમ પર્વના 9 માં અને 10 માં ચાંદના રોજ કાઢવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો જોડાય છે, તેમજ શહેરમાં ઠેરઠેર મોહરમ પર્વ નિમિત્તે શરબત, દૂધ, કોલ્ડ્રિન્ક સહિતની નિયાઝ નું વિતરણ પણ ખાસ કરવામાં આવે છે. શનિવાર ના 10 મોહરમ પવમે આશુરા નિમિત્તે મસ્જીદોમાં ખાસ આશુરાની નમાજ અદા કરવામાં આવે છે તેમજ બયાનનો કાર્યક્રમ રાખવામાં આવે છે તો કેટલાય લોકો આ દિવસે રોજા રાખી બંદગી કરી હતી. ભરૂચ શહેર તેમજ જિલ્લાના અન્ય વિસ્તારમાં પણ મુસ્લિમ બિરાદરોએ પરંપરાગત રીતે તાજીયાનો પર્વ મનાવ્યો હતો. ભરૂચ જિલ્લો સંવેદનશીલ જિલ્લો મનાતો હોવા છતાં જિલ્લામાં એક પણ અનિચ્છનિય બનાવ વિના જ પર્વ મનાવાયો હતો. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

**DATE: 30/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### જીઆઇડીસી પોલીસે કાર્યવાહી કરી

# અંકલેશ્વરના સારંગપુર ગામે બે બોગસ તબીબો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં અનેક વિસ્તારોમાં મજૂરી કામ અર્થે આવતા પરપ્રાંતીય વસવાટ કરે છે.

આ વિસ્તારોમાં સસ્તી દવા આપી ગુજરાત મેડિકલ કાઉન્સિલ અને ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલની કોઈ પણ માન્યતા વગર મેડીકલ ડિગ્રી વગરના મુન્નાભાઈ MBBS નો જમાવડો જોવા મળતો હોય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી કોઈપણ પ્રકારની ડિગ્રી વગર જ તબીબી પ્રેક્ટિસ માટે દવાખાના ચલાવતા ડૉક્ટરોનો રાફડો ફાટ્યો હોવાની જાણ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટાફે થઈ હતી જે આધારે સારંગપુર ગામના લક્ષ્મણ નગર વિસ્તારમાં ડિગ્રી વગરના પ્રેક્ટિસ કરતાં ક્રિષ્ના સંતુ મુરારી અને તુષાર શ્યામ પદ રોય નામના બે બોગસ તબીબ ને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે બંને બોગસ તબીબ પાસેથી રૂ.6537 નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

### દઢાલ ગામના બસ સ્ટેશન પાસે

# વાહન ચેકિંગ સમયે રિક્ષામાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા.૨૯

અંકલેશ્વર તાલુકા પોલીસે દઢાલ ગામના બસ સ્ટેશન પાસે વાહન ચેકિંગ દરમિયાન રીક્ષામાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## રિક્ષા ચાલક ફરાર,રૂ. ૭૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

અંકલેશ્વર તાલુકા પોલીસે દઢાલ ગામના બસ સ્ટેશન પાસે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું તે દરમિયાન રીક્ષા આવતા'પોલીસે તેને અટકાવતા રીક્ષા ચાલક સ્થળ ઉપર રીક્ષા મૂકી ફરાર થઈ ગયો હતો.પોલીસે રીક્ષામાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૯૬ નંગ બોટલ મળી હતી.પોલીસે રૂ.૩૫ હજારનો દારૂ અને રીક્ષા મળી કુલ રૂ.૭૦ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી હતી.